# નવકાર મંત્ર

(રાગ - દુર કોઈ આવે ધૂન યે સુનાએ)

૧૨ નવકાર

ણમો અરિહંતાણમ

ણમો સિધ્ધાણમ

ણમો આયરિયાણમ

ણમો ઉવઝ્ઝાયાણમ

ણમો લોએ સવ્વ સાહુણમ

એસો પંચ નમોક્કારો

સવ્વ પાવ પણાસણો

મંગલાણમ ચ સવ્વેસિમ

પઢમમ હવઈ મંગલમ

+ ૩ નવકાર

+ ૨૭ ડંકા

# ૐ મંગલમ, ૐકાર મંગલમ

M
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
નમો મંગલમ નમોકાર મંગલમ (૨)

F
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
ઋષભ મંગલમ, ઋષભદેવ મંગલમ (૨)

M
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
ધર્મ મંગલમ, ધર્મનાથ મંગલમ (૨)

F
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
શાંતિ મંગલમ, શાંતિનાથ મંગલમ (૨)

M
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
નેમિ મંગલમ, નેમિનાથ મંગલમ (૨)

F
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
પારસ મંગલમ, પારસનાથ મંગલમ (૨)

M
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
વીર મંગલમ, મહાવીર મંગલમ (૨)

F
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
ગુરુ મંગલમ, ગુરુદેવ મંગલમ (૨)

ALL
ૐ મંગલમ, ૐકાર મંગલમ (૨)
નમો મંગલમ નમોકાર મંગલમ (૨)

A

(સંગમ- MILAN)

# ચત્તારી મંગલમ

મંગલમ મંગલમ અરિહંતા મંગલમ
મંગલમ મંગલમ અરિહંતા મંગલમ
ચત્તારિ મંગલમ
અરિહંતા મંગલમ
સિધ્ધા મંગલમ
સાહુ મંગલમ
કેવલી પન્નતો ધમ્મો મંગલમ ... મંગલમ...

ચત્તારિ લોગુત્તમા
અરિહંતા લોગુત્તમા
સિધ્ધા લોગુત્તમા
સાહુ લોગુત્તમા
કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમો ... મંગલમ...

ચત્તારી શરણં પવજ્જામિ
અરિહંતે શરણં પવજ્જામિ
સિધ્ધે શરણં પવજ્જામિ
સાહુ શરણં પવજ્જામિ
કેવલી પન્નતમ ધમ્મં શરણં પવજ્જામિ ... મંગલમ

અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતા, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરા, પૂજ્યા ઉપાધ્યાયકા;
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકા,
પંચૈ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલં. ૩

આદિમં પૃથિવીનાથ, -માદિમં નિષ્પરિગ્રહં
આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામિનં સ્તુમઃ

કલ્પદ્રુમસધર્માણ, - મિષ્ટપ્રાપ્તૌ શરીરિણામ્
ચતુર્દ્ધા ધર્મદેષ્ટારં, ધર્મનાથમુપાસ્મહે

સુધાસોદરવાગ્જ્યોત્સ્ના, નિર્મલીકૃતદિઙ્મુખઃ
મૃગલક્ષ્માઃ તમઃશાન્ત્યૈ, શાન્તિનાથજિનોઽસ્તુ વઃ

યદુવંશસમુદ્રેન્દુઃ, કર્મકક્ષહુતાશનઃ
અરિષ્ટનેમિર્ભગવાન્, ભૂયાદ્વોઽરિષ્ટનાશનઃ

કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ
પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ

શ્રીમતે વીરનાથાય, સનાથાયાદ્ભૂતશ્રિયા
મહાનન્દસરોરાજ, મરાલાયાર્હતે નમઃ

**વીરઃ સર્વ સુરાસુરેન્દ્રમહિતો, વીરં બુદ્ધ સંશ્રિતાઃ**
**વીરેણાભિહતઃ સ્વકર્મનિચયો, વીરાય નિત્યં નમઃ,**
**વીરાત્ તીર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપ :**
**વીર શ્રી-ધૃતિકીર્તિકાન્તિનિચયઃ શ્રી વીર! ભદ્રં દિશ.**

પુર૦૫ → નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

કાવ્ય

**સરસશાન્તિસુધારસસાગરં શુચિતરં ગુણરત્નમહાગરમ્;**
**ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧.**

દુહો

**કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક,**
**મજ્જનપીઠે થાપીને, કરીએ જળ અભિષેક. ૨**

(જમણે અંગુઠે પખાળ કરી, અંગલૂછણાં કરી પૂજા કરી કુસુમાંજલિની થાળી લઈને ઉભા રહેવું.)

ગાથા-આર્યા ગીતિ

**જિણજમ્મસમયે મેરુસિહરે, રયણ-કણયકલસેહિં;**
**દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ. ૩**

(જ્યાં જ્યાં "કુસુમાંજલિ મેલો આવે " ત્યાં ત્યાં પ્રભુના જમણા અંગુઠે કુસુમાંજલિ મૂકવી.)

---

**કાવ્યનો અર્થ**- સરસ શાંતરસરૂપી અમૃતના સમુદ્ર સમાન, અતિપવિત્ર, ગુણોરૂપી રત્નનો ભંડાર, ભવ્ય પ્રાણીરૂપી કમળોને બોધ કરવામાં સૂર્યસમાન એવા જિનેશ્વરદેવને હું હંમેશ પ્રણામ કરું છું. ૧.

**દુહાનો અર્થ**- ભગવંતના શરીર ઉપરથી (આગળના દિવસના ચઢાવેલ) ફૂલ-આભરણ વગેરે ઉતારી વિવેકપૂર્વક પ્રતિમાજીને ધારણ કરી સ્નાન કરાવવાના બાજોઠ ઉપર સ્થાપન કરી જળવડે અભિષેક કરીએ. ૨.

જિનેશ્વરના જન્મસમયે મેરુશિખર પર પરમાત્માને દેવો અને અસુરોએ રત્ન અને સુવર્ણના કળશો વડે અભિષેક કર્યો, તે મહોત્સવ જેમણે જોયો તે ધન્ય છે. ૩.

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

## કુસુમાંજલિ-ઢાળ

નિર્મળ જળકળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે;
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,
આતમનિર્મળ હુઈ સુકુમાલી કુસુમાં૦ ૪

## ગાથા-આર્યા-ગીતિ

મચકુંદચંપમાલઈ; કમલાઈં પુપ્ફપંચવણ્ણાઈં;
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિં દિંતિ. ૫

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

## કુસુમાંજલિં-ઢાળ

રયણ-સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુચરણે દીજે,
કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા. ૬

સિદ્ધસ્વરૂપી અંગ પખાલી, આતમનિર્મળ હુઈ સુકુમાલી.. કુસુમાંજલી.

---

નિર્મળ જળકળશો વડે પ્રભુને નવરાવી અમૂલ્ય વસ્ત્ર અંગ ઉપર ધારણ કરાવી આદિ જિનેશ્વરને કુસુમાંજલિ મૂકો. સિદ્ધસ્વરૂપી ભગવંતનો અભિષેક કરવાથી આત્મા નિર્મળ અને સુકુમાળ થાય છે. ૪.

મચકુંદ, ચંપો, માલતી, કમળ વગેરે પાંચ વર્ણનાં ફૂલો જગન્નાથના અભિષેક વખતે દેવો ચઢાવે છે, તે કુસુમાંજલિ કહેવાય છે. ૫.

રત્નજડિત સિંહાસન પર જિનેશ્વરની પ્રતિમાને સ્થાપન કરી, શ્રી શાંતિનાથ પ્રભુના ચરણ ઉપર કુસુમાંજલિ મૂકવી. ૬.

### દુહો

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ૭

પુરુષ → નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

(M) કૃષ્ણાગરુ વર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે;
કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા. ૮

સિધ્ધસ્વરૂપી અંગ પખાલી, આતમનિર્મળ હુઇ સુકુમાલી.. કુસુમાંજલી..

### ગાથા-આર્યાગીતિ

જસુ પરિમલબલ દહદિસિ, મહુકરઝંકારસદસંગીયા;
જિણચલણોવરિ મુક્કા, સુરનરકુસુમાંજલિ સિદ્ધા. ૯

પુરુષ → નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

(F) પાસ જિણેસર જગ જયકારી, જલથલ ફૂલ ઉદક કરધારી;
કુસુમાંજલિ મેલો પાર્શ્વ જિણંદા. ૧૦

સિધ્ધસ્વરૂપી અંગ પખાલી, આતમનિર્મળ હુઇ સુકુમાલી.. કુસુમાંજલી..

જે સિદ્ધભગવાનની પ્રતિમા ત્રણે કાળમાં ગુણોના ભંડારરૂપ છે, તેમના ચરણમાં કુસુમાંજલિ મૂકવાથી ભવ્ય પ્રાણીઓના પાપો નાશ પામે છે. ૭.

ઉત્તમ સુગંધી કૃષ્ણાગરુનો ધૂપ ધારણ કરી તેના વડે કુસુમાંજલિને સુગંધી કરીને શ્રી નેમિજિનેશ્વરના ચરણમાં કુસુમાંજલિ મૂકો. ૮.

જેની સુગંધીના બળથી દશે દિશામાંથી ભમરાઓ આવી ગુંજારવ-રૂપ શબ્દોનું સંગીત કરે છે. તેવી સુગંધી કુસુમાંજલિ દેવતાઓ અને મનુષ્યો જિનેશ્વરના ચરણ ઉપર મૂકી અનુક્રમે મુક્તિ પામે છે. ૯.

## દુહો

M
મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ. ૧૧.

પુરુષ → નમોર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

## કુસુમાંજલિ-ઢાળ

(F) **વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી;**
**કુસુમાંજલિ મેલો વીર જિણંદા. ૧૨**

સિદ્ધસ્વરૂપી આંગી રચાવી, આતમ નિર્મળ હુઈ સુકુમાલી.. કુસુમાંજલી.

## વસ્તુ-છંદ

**ન્હવણકાલે ન્હવણકાલે, દેવદાણવ સમુચ્ચિય,** (૨)
**કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય;**

જિણપયકમલે નિવડેઈ, વિગ્ઘહર જસ નામ મંતો,
અનંત ચઉવીસ જિન, વાસવ મલીય અસેસ;
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ,
કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા. (૨)

સિદ્ધસ્વરૂપી આંગી રચાવી, આતમ નિર્મળ હુઈ સુકુમાલી. કુસુમાંજલી.

કરે છે. ૧૧.

જાુદી જાુદી જાતના ઉત્તમ પુષ્પો લઇને શ્રી જિનેશ્વરના ચરણોમાં નમસ્કાર કરી તે કુસુમાંજલિ સ્થાપન કરીએ. ૧૨.

મેરુપર્વત ઉપર પરમાત્માને લઇ જઇ ન્હવરાવી દેવો અને દાનવો ભેગા થઇ દશે દિશાઓમાં જેની સુગંધી પ્રસરી રહી છે એવી કુસુમાંજલિ શ્રી જિનેશ્વરના ચરણકમળમાં સ્થાપન કરે છે. જે પરમાત્માનો

પુરાષ → નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

## કુસુમાંજલિ-ઢાળ

(F) **અનંત ચઉવીસી જિનજી જુહારું, વર્તમાન ચઉવીસી સંભારું;**
**કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ૧૪**

સિદ્ધસ્વરૂપી અંગ પખાલી, આતમનિર્મળ હુઈ સુકુમાલી.. કુસુમાંજલિ..

**દુહો**

**મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીસ;**
**ભક્તિ કરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ૧૫**

પુરાષ → નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

---

નામરૂપ મંત્ર સર્વ વિઘ્નોને હરણ કરનાર છે તેવા અનંત ચોવીશીના જિનેશ્વરોના ચરણકમળમાં સઘળાય ઇંદ્રો કુસુમાંજલિ મૂકે છે. તે કુસુમાંજલિ ચતુર્વિધ સંઘને સુખકારી છે. એવી કુસુમાંજલિ ચોવીશ જિનેશ્વરોના ચરણકમળમાં મૂકો. ૧૩.

અત્યાર સુધીમાં થયેલ અનંત ચોવીશીના જિનેશ્વરોને હું નમસ્કાર કરું છું. વર્ત્તમાન ચોવીશીના જિનેશ્વરોને સ્મરણ કરી ચોવીશે તીર્થંકરોને કુસુમાંજલિ મૂકો. ૧૪.

વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં વીશ જિનેશ્વરો વિચરે છે. તેમની ભક્તિપૂર્વક મેં પૂજા કરી. તે શ્રી સંઘનું કલ્યાણ કરનાર થાઓ. ૧૫.

## કુસુમાંજલિ-ઢાળ

**અપચ્છરમંડલી ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા;**
**કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા. ૧૫**

સિદ્ધસ્વરૂપી અંગ પખાલી, આતમનિર્મળ હુઈ સુકુમાલી -- કુસુમાંજલી

(સર્વ સ્નાત્રિયાઓએ પ્રભુના જમણા અંગુઠે કુસુમાંજલિ મૂકવી.)

(પછી શ્રી શત્રુંજયના નીચેના દુહા બોલતાં બોલતાં સિંહાસનની ત્રણ પ્રદક્ષિણા ફરતાં ફરતાં, પ્રભુ સન્મુખ ત્રણ ખમાસમણ દઇ જગચિંતામણિનું ચૈત્યવંદન શરૂ કરવું.)

એકેકું ડગલું ભરે શત્રુંજય સમો જેહ
રીખવ કહે ભવ ક્રોડનાં કર્મ ખપાવે તેહ

સિદ્ધાચલ સમરું સદા સોરઠ દેશ મોઝાર
મનુષ્ય જન્મ પામી કરી વંદુ વાર હઝાર

----- o -----

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ
નિસીહિઆએ  મત્થએણ વંદામિ

શત્રુંજય સમો તીરથ નહિ રીખવ સમો નહિ દેવ
ગૌતમ સરખા ગુરુ નહિ વળી વળી વંદુ તેહ

સિદ્ધાચલ સમરું સદા સોરઠ દેશ મોઝાર
મનુષ્ય જન્મ પામી કરી વંદુ વાર હઝાર

----- o -----

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ
નિસીહિઆએ  મત્થએણ વંદામિ

સોરઠ દેશમાં સંચર્યો ન ચઢ્યો ગઢ ગીરનાર
શેત્રુંજી નદી નાહ્યો નહિ એનો એળે ગયો અવતાર

સિદ્ધાચલ સમરું સદા સોરઠ દેશ મોઝાર
મનુષ્ય જન્મ પામી કરી વંદુ વાર હઝાર

----- o -----

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ
નિસીહિઆએ  મત્થએણ વંદામિ

## શ્રી જગચિંતામણિનું ચૈત્યવંદન

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ઈચ્છં.

જગચિંતામણિ જગનાહ, જગગુરૂ જગરક્ખણ;
જગબંધવ જગસત્થવાહ, જગભાવવિઅક્ખણ,
અટ્ઠાવયસંઠવિઅરૂવ કમ્મટ્ઠવિણાસણ,
ચઉવીસંપિ જિણવર જયંતુ, અપ્પડિહયસાસણ. ૧.
કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમસંઘયણિ,
ઉક્કોસય સત્તરિસય; જિણવરાણ વિહરંત લબ્ભઈ,
નવકોડિહિં કેવલીણ, કોડિસહસ્સ નવ સાહૂ ગમ્મઈ;
સંપઈ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ;
સમણહ કોડીસહસ્સદુઅ, થુણિજ્જઈ નિચ્ચવિહાણિ. ૨
જયઉ સામિય જગઉ સામિય, રિસહસત્તુંજિ,
ઉજ્જિંજતિ-પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ;
ભરુઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિપાસ દુહ-દુરિઅ-ખંડણ,
અવરવિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિં કેવિ;
તિઆણાગય-સંપઈઅ, વંદુ જિણ સવ્વેવિ. ૩
સત્તાણવઈ સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠકોડિઓ;
બત્તિસસય બાસિઆઇં તિઅલોએ ચેઈએ વંદે, ૪

પનરસ કોડિસયાઇં, કોડિ બાયાલ લક્ખ અડવન્ના;
છત્તીસ સહસ અસિઇં, સાસય-બિંબાઇં પણમામિ. ૫

### જંકિં ચિ-સૂત્ર

જંકિં ચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ. ૧.

### નમુત્થુણં સૂત્ર

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઇગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં. ૨ પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર-પુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩ લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં; લોગપજ્જોઅગરાણં, ૪ અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં,

---

પંદરશે ક્રોડ (૧૫ અબજ) બેતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ છત્રીશ હજાર એંસી (પૂર્વોક્ત જિનપ્રાસાદને વિષે) જે શાશ્વત જિનબિંબો છે, તેઓને હું વંદના કરું છું. ૫.

**જંકિં ચિ સૂત્રનો અર્થ**-સ્વર્ગને વિષે, પાતાળને વિષે મનુષ્ય-લોકને વિષે જે તીર્થંકરનાં બિંબો છે તે સર્વને તેમજ જે કાંઇ નામ રૂપે તીર્થો છે તેને હું વંદના કરું છું ૧.

**નમુત્થુણં સૂત્રનો અર્થ** -નમસ્કાર હો શ્રી અરિહંત ભગવંતોને. (૧) ધર્મની આદિ કરનારને, તીર્થના સ્થાપનારને, પોતાની મેળે બોધ પામનારને. (૨) પુરુષને વિષે ઉત્તમને, પુરુષને વિષે સિંહસમાનને, પુરુષને વિષે ઉત્તમ પુંડરીક (કમળ) સમાનને, પુરુષને વિષે પ્રધાન ગંધહસ્તિ સમાનને, (૩) લોકને વિષે ઉત્તમને, લોકના નાથને, લોકના

**બોહિદયાણં. ૫ ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં. ૬ અપ્પડિહયવરનાણ-દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં. ૭ જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮ સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઈનામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં. ૯. જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.**

---

હિત કરનારને, લોકને વિષે દીપક સમાનને, લોકમાં પ્રકાશ કરનારને. (૪) અભયદાનના આપનારને, શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુના આપનારને, મોક્ષમાર્ગના આપનારને, શરણ આપનારને, સમકિત આપનારને. (૫) ધર્મના દાતાને, ધર્મના ઉપદેશ કરનારને, ધર્મના નાયકને, ધર્મના સારથીને, ચાર ગતિનો અંત કરનાર ઉત્તમ ધર્મચક્રવર્તીને (૬) કોઈથી હણાય નહીં એવા ઉત્તમ જ્ઞાન-દર્શનના ધારણ કરનારને, નિવર્ત્યું છે છદ્મસ્થપણું જેઓનું તેમને. ૭.

રાગદ્વેષને જિતનારને તથા જિતાડનારને, સંસારથી તરનારને તથા તારનારને, તત્ત્વના જાણનારને, તથા જણાવનારને, કર્મથી મુક્ત થયેલાને તથા મુકાવનારને. (૮) સર્વજ્ઞને, સર્વદર્શીને, કલ્યાણરૂપ, અચળ, રોગ રહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાગમન એવી સિદ્ધિગતિ છે નામ જેનું એવા સ્થાનને પામેલાને, રાગદ્વેષના ક્ષય કરનાર તથા સર્વ ભયના જિતનારને નમસ્કાર હો. ૯.

જેઓ અતીતકાળે સિદ્ધ થયા, જેઓ અનાગતકાળે સિદ્ધ થશે અને વર્તમાનકાળે વિદ્યમાન એવા સર્વ (દ્રવ્યજિનો)ને હું ત્રિવિધે વંદના કરું છું. ૧૦.

જાવંતિ ચેઈઆઇં, ઉડ્ઢે અ, અહે અ તિરિયલોએ અ;
સવ્વાઈં, તાઈં વંદે, ઇહ સંતો તત્થ સંતાઈં. ૧.

(પછી એક ખમાસમણ દેવું)

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં. ૧.

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ. ૧.

ઉવસગ્ગહરં સ્તવન

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર-વિસનિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં. ૧.

---

**જાવંતિ ચેઈઆઇં-સૂત્રનો અર્થ** - ઉર્ધ્વલોકને વિષે, અધોલોકને વિષે અને તિર્ચ્છાલોકને વિષે જેટલી જિનપ્રતિમાઓ છે. તે સર્વને હું અહિં હોવા છતાં ત્યાં છે તે સર્વને વંદના કરું છું. ૧.

**જાવંત કેવિ સાહૂ-સૂત્રનો અર્થ** - પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે જેટલા કોઇ સાધુઓ મન વચન-કાયાએ કરીને ત્રણ દંડથી નિવર્તેલા છે, તે સર્વને હું નમ્યો. ૧.

**નમોર્હત્નો અર્થ** - અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને મારો નમસ્કાર હો. ૧.

**ઉવસગ્ગહરંનો અર્થ** - ઉપસર્ગનો હરનાર પાર્શ્વ નામનો યક્ષ સેવક છે જેનો એવા પાર્શ્વનાથ ભગવાન, જેઓ કર્મના સમૂહથી મુક્ત છે તથા જે સર્પના ઝેરને અતિશયે કરીને નાશ કરનાર છે, વળી જે મંગલ અને કલ્યાણના ઘર રૂપ છે તેમને હું નમસ્કાર કરું છું. ૧.

વિસહર ફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગમારી; દુટ્ઠજરા જંતિ ઉવસામં. ૨

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ;
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ૩.

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪

ઈઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ;
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ. ૫

---

જે મનુષ્ય નિરંતર વિષધર સ્ફુલિંગ નામના મંત્રને કંઠને વિષે ધારણ કરે છે, તેના દુષ્ટ ગ્રહ, રોગ, મરકી અને દુષ્ટ જ્વર શાંતિને પામે છે. ૨

એ મંત્ર દૂર રહો, તમને નમસ્કાર કરવો એ પણ ઘણું ફળ આપનાર થાય છે. તે જીવો મનુષ્ય અને તિર્યંચને વિષે પણં દુઃખ અને દારિદ્ર પામતા નથી. ૩

ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી અધિક મહિમાવાળું એવું તમારું સમ્યગ્દર્શન (સમકિત) પામ્યે છતે ભવ્યજીવો અજર અમર-મોક્ષસ્થાનને નિર્વિઘ્નપણે પામે છે. ૪

હે મહાશય ! ભક્તિના સમૂહથી પૂર્ણ ભરેલા અંતઃકરણથી આ સ્તવના કરી, તે કારણથી હે દેવ ! શ્રી પાર્શ્વજિનચંદ્ર ! મને જન્મોજન્મને વિષે બોધિબીજ (સમ્યગ્દર્શન) આપો. ૫.

## શ્રી જયવીયરાય સૂત્ર

**જયવીયરાય! જગગુરુ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં;**
**ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઇટ્ઠફલસિદ્ધી. ૧.**

**લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ;**
**સુહગુરુજોગો, તવ્વયણ-સેવણા આભવમખંડા. ૨**

**વારિજ્જઇ જઇ વિ નિયાણ-બંધણં વીયરાય ! તુહ સમએ;**
**તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩**

**દુક્ખખઓ કમ્મખ, સમાહિમરણં ચ બોહિલાભો અ;**
**સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ પણામકરણેણં. ૪**

---

**જયવીરાય સૂત્રનો અર્થ** - હે વીતરાગ ! હે જગત્‌ના ગુરુ! તમે જયવંતા વર્તો. હે ભગવંત ! મને તમારા પ્રભાવથી ભવનું ઉદાસીનપણું, માર્ગાનુસારીપણું અને ઇષ્ટફળ (શુદ્ધ આત્મધર્મ)ની સિદ્ધિ હોજો. ૧.

લોકવિરુદ્ધનો ત્યાગ, માતાપિતાદિ ગુરુજનની પૂજા, તથા પરોપકાર કરવાપણું, શુદ્ધ ગુરુનો મેલાપ, તેમના વચનનો અંગીકાર તે સર્વ જ્યાં સુધી મારે ભવ કરવા પડે ત્યાં સુધી (મોક્ષપ્રાપ્તિ સુધી) અખંડ હોજો. ૨.

હે વીતરાગ ! તમારા સિદ્ધાંતમાં જો કે નિયાણાનું બાંધવું નિષેધ્યું છે, તો પણ મને ભવોભવને વિષે તમારા ચરણોની સેવા હોજો. ૩.

હે નાથ ! તમને પ્રણામ કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિમરણ અને બોધિનો લાભ એ ચાર સંપ્રાપ્ત થાઓ. ૪.

**સર્વ-મંગલ-માંગલ્યં, સર્વકલ્યાણકારણં;**
**પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫**

(પછી સ્નાત્રિયાઓએ હાથ ધૂપી હાથમાં કળશ લઈ મુખકોશ બાંધી ઉભા રહેવું.)

**દુહો**

**સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ;**
**વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ૧.**

**સમકિતગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા;**
**વીશસ્થાનકવિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી. ૧.**

Female **જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરું શાસનરસી;**
**શુચિરસ ઢલતે તિહાં બાંધતા, તીર્થંકર-નામ નિકાચતા. ૨.**

---

સર્વ મંગલોમાં માંગલિક, સર્વ કલ્યાણનું કારણ, અને સર્વધર્મોમાં પ્રધાન એવું શ્રી જૈનશાસન જયવંતુ વર્તે છે. ૫.

**દુહાનો અર્થ** - સર્વ જિનેશ્વરના ચરણોમાં નમસ્કાર કરી તેઓના કલ્યાણકનો વિધિ હું કહું છું. તે વિધિનું વર્ણન કરવાથી અને સાંભળવાથી સકળ સંઘની આશા પરિપૂર્ણ થાય છે. ૧.

**ઢાળનો અર્થ** - શ્રી તીર્થંકર પરમાત્મા પૂર્વભવમાં સમ્યકત્વ પામી અનુક્રમે ચારિત્રના સુખમાં રમણતા કરે છે અને વિધિપૂર્વક વીશસ્થાનક તપનું આરાધન કરી આવા પ્રકારની ભાવદયા હૃદયમાં ધારણ કરે છે. ૧.

જો મારામાં એવા પ્રકારની શક્તિ હોય તો સર્વ જીવોને વીતરાગ પરમાત્માના શાસનના રસિયા બનાવું. આવા પ્રકારની નિર્મળ ભાવના ભાવતાં તીર્થંકર નામ નિકાચિત કરે છે. ૨.

સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવીકુલે. ૩

પટરાણી કુખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો;
સુખશય્યાએ રજનીશેષે, ઉતરતાં ચૌદ સુપન દેખે. ૪ આજ-અરીજી..

⊙ પ્રભુજી મોરા

## ઢાળ-ચૌદ સ્વપ્નની * જીનજી માતા

⊙ પહેલે ગજવર દીઠો, *બીજે વૃષભ પઈટ્ઠો;
⊙ ત્રીજે કેસરીસિંહ, *ચોથે લક્ષ્મી અબીહ. ૧.

⊙ પાંચમે ફૂલની માળા, *છટ્ઠે ચન્દ્ર વિશાળા;
⊙ રવિ રાતો ધ્વજ મ્હોટો, *પૂરણ કળશ નહિ છોટો. ૨

⊙ દશમે પદ્મ સરોવર, *અગિયારમે રત્નાકર;
⊙ ભવન વિમાન રત્નગંજી, *અગ્નિશિખા ધૂમવર્જિ. ૩

દિવડાં પ્રગટાવો આજ.. તોરણિયા બંધાવો આજ
આજ મારે આંગણે પધારિયા શ્રી મહાવીર સ્વામી
જય જય બોલો વીર પ્રભુની જય જય બોલો (૨)



⊙ પ્રભુજી મોરા * જીનજી માતા

⊙ સ્વપ્ન લઈ જઈ રાયને ભાખે, *રાજા અર્થ પ્રકાશે;
⊙ પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, *સકલ મનોરથ ફળશે. ૪.
જય જય બોલો વીર પ્રભુની જય જય બોલો (૨)

---

પ્રથમ સ્વપ્નમાં શ્રેષ્ઠ હસ્તી,

બળદ, ત્રીજા સ્વપ્નમાં કેસરીસિંહ, ચોથા સ્વપ્નમાં શોભાયમાન લક્ષ્મી, પાંચમા સ્વપ્નમાં ફૂલની માળા, છઠ્ઠા સ્વપ્નમાં વિશાળ ચંદ્ર, સાતમા સ્વપ્નમાં લાલ સૂર્ય, આઠમા સ્વપ્નમાં મોટો ધ્વજ, નવમા સ્વપ્નમાં મોટો પૂર્ણકળશ, દશમા સ્વપ્નમાં પદ્મસરોવર, અગિયારમા સ્વપ્નમાં

### વસ્તુ-છંદ

અવધિનાણે અવધિનાણે, ઉપન્યા જિનરાજ,
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુસુખકાર;
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાત સુંદર,
માતાપણ આણંદિયા, જાગતી ધર્મ વિધાન;
જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ૧.

### દુહો

શુભલગ્ને જિન જનમીયા, નારકીમાં સુખજ્યોત;
સુખ પામ્યા ત્રિભુવનજના, હુઓ જગત ઉદ્યોત. ૧.

---

ક્ષીરસમુદ્ર, બારમા સ્વપ્નમાં ભવન કે વિમાન, તેરમા સ્વપ્નમાં રત્નનો ઢગલો અને ચૌદમા સ્વપ્નમાં ધૂમાડા વગરનો અગ્નિ જુવે છે. તીર્થંકરની માતા રાજા પાસે જઇ સ્વપ્નો કહે છે.. રાજા તેનો અર્થ કહે છે. તે કહે છે કે તમારે તીર્થંકર પુત્ર થશે. ત્રણે ભુવનના જીવો નમશે. અને આપણા સર્વ મનોરથો ફળશે. ૧. થી ૪.

પરમાત્મા અવધિજ્ઞાન સહિત ઉત્પન્ન થાય છે. જેના પરમાણુઓ વિશ્વના પ્રાણીઓને સુખ કરનાર હોય છે. તે સમયે મિથ્યાત્વરૂપી તારાઓ ઝાંખા પડી જાય છે, ધર્મના ઉદયરૂપી સુંદર પ્રભાત થવાથી માતા પણ આનંદિત થાય છે. ધર્મનું ચિંતન કરતા જાગે છે. અને વિચારે છે કે- જગતમાં તિલક સમાન એવો શ્રેષ્ઠ પુત્ર થશે. ૧.

**દુહાનો અર્થ** - સર્વ ગ્રહો ઉચ્ચ લગ્નમાં આવે ત્યારે જિનેશ્વરનો

## ઢાળ-કડખાની દેશી

F સાંભળો કળશ જિન-મહોત્સવનો ઈહાં,
છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં; REPEAT AS NEEDED
M માય સુત નમીય, આણંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે. ૧. 2/3/4/5 TIMES

F વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે,
અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે; 2/3/4/5 TIMES
M અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨ 2/3/4/5 TIMES

F ઘર કરી કેળના, માય સુત લાવતી,
કરણ શુચિકર્મ જળ કળશે ન્હવરાવતી; 2/3/4/5 TIMES AS NEEDED
કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી;
રાખડી બાંધી જઈ, શયન પધરાવતી. ૩. 2/3/4/5 TIMES
નમીય કહે માય તુજ બાળ લીલાવતી,
મેરુ રવિ ચન્દ્ર લગે, જીવજો જગપતિ;
સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી,
તેણે સમે ઈન્દ્રસિંહાસન કંપતી. ૪. → KEY BOARD [illegible]

[illegible]

નમસ્કાર કરી અતિહર્ષ પામી ૮ દિક્કુમારિકા સંવર્તવાયુથી ચાર દિશાઓમાંથી એક એક યોજન પ્રમાણ કચરો દૂર કરે છે. ૮ કુમારિકા સુગંધી જળની વૃષ્ટિ કરે છે ૮ કુમારિકા હાથમાં ભરેલા કળશને ધારણ કરે છે. ૮ દર્પણ ધરે છે. ૮ ચામર ધારણ કરે છે. ૮ પંખા લહી પવન નાખે છે, ૪ કુમારિકા રક્ષાપોટલી બાંધે છે. ૪ કુમારિકા દીપક લહી ઉભી રહે છે. ૧-૨.

## ઢાળ

**જિન જન્મ્યાજી જિણ વેળા જનની ઘરે,**
**તિણ વેળાજી ઈન્દ્રસિંહાસન થરહરે;**
**દાહિણોત્તરજી જેતા જિન જનમે યદા,**
**દિશિનાયકજી સોહમ ઈશાન બિહું તદા. ૧.**

---

ત્યાં કેળના પાંદડાઓનું સૂતિકાગૃહ બનાવી, તેમાં માતા અને પુત્રને લાવે છે. શુચિકર્મ કરવા પાણીના કળશો વડે ન્હવરાવે છે. પુષ્પ વગેરેથી પૂજા કરી અલંકાર પહેરાવે છે. પછી હાથે રાખડી બાંધીને શયનમાં પધરાવે છે. ૩.

માતા અને પુત્રને નમસ્કાર કરીને કહે છે, કે હે માતા ! આનંદકારી અને જગતના નાથ એવા તમારા પુત્ર જ્યાં સુધી મેરુપર્વત, સૂર્ય અને ચંદ્ર રહે ત્યાં સુધી જીવો-જયવંતા રહો. આ પ્રમાણે સ્વામીના ગુણ ગાતી ગાતી છપ્પન દિક્કુમારિકાઓ પોતાના ઘરે જાય છે, એ વખતે સૌધર્મદેવલોકના ઇંદ્રનું સિંહાસન કંપાયમાન થાય છે. ૪.

માતાના ઘરમાં જે વખતે જિનેશ્વરનો જન્મ થાય છે તે વખતે ઇંદ્રનું સિંહાસન ચલાયમાન થાય છે. દક્ષિણ દિશામાં પ્રભુનો જન્મ થાય તો સૌધર્મ ઇંદ્રનું અને ઉત્તર દિશામાં જન્મ થાય તો ઇશાનેંદ્રનું આસન કંપાયમાન થાય છે. ૧.

## ત્રોટક છંદ

તદા ચિંતે ઈન્દ્ર મનમાં કોણ અવસર એ બન્યો,
જિનજન્મ અવધિનાણે જાણી હર્ષ આનંદ ઉપન્યો;
સુઘોષ આદે ઘંટનાદે ઘોષણા સુરમેં કરે,
સવિ દેવી દેવા જન્મમહોત્સવે આવજો સુરગિરિવરે. ૧.

(અહીં ઘંટ વગાડવો)

## ઢાળ

F એમ સાંભળીજી(૨) સુરવર કોડી આવી મળે,
M જન્મ મહોત્સવજી(૨) કરવા મેરુ ઉપર ચલે;
F સોહમપતિજી(૨) બહુ પરિવારે આવીયા,
M માય-જિનનેજી(૨) વાંદી પ્રભુને વધાવીયા. ૧. 2/3/4/5 TIMES AS NEEDED

(અહીં પ્રભુને ચોખાથી વધાવવા)

## ત્રોટક છંદ

વધાવી બોલે હે રત્નકુક્ષી ધારિણી તુજ સુતતણો,
હું શક્ર સોહમ નામે કરશું, જન્મમહોત્સવ અતિઘણો;
એમ કહી જિનપ્રતિબિંબ થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી,
દેવદેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ૧.

## ઢાલ

F મેરુ ઉપરજી(૨) પાંડુકવનમેં ચિહું દિશે,
M શિલા ઉપરજી(૨) સિંહાસન મન ઉલ્લસે;
F તિહાં બેસીજી(૨) શક્રે જિન ખોળે ધર્યા,
M હરિ ત્રેસઠજી(૨) બીજા તિહાં આવી મળ્યા. ૧.

## ત્રોટક છંદ

વધાવી બોલે હે રત્નકુક્ષી ધારિણી તુજ સુતતણો,
હું શક્ર સોહમ નામે કરશું, જન્મમહોત્સવ અતિઘણો;
એમ કહી જિનપ્રતિબિંબ થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી,
દેવદેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ૧.

## ઢાલ

મેરુ ઉપરજી પાંડુકવનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી બીજા તિહાં આવી મળ્યા. ૧.

---

વધાવીને કહે છે કે- કુક્ષિને વિષે રત્નને ધારણ કરનાર હે માતા ! હું સૌધર્મ નામે ઇંદ્ર છું. તમારા પુત્રનો અત્યંત મોટો જન્મમહોત્સવ અમે કરશું. એ પ્રમાણે કહી જિનેશ્વરનું પ્રતિબિંબ (બીજું રૂપ) માતાની પાસે સ્થાપન કરી સૌધર્મ ઇન્દ્ર પોતાના પાંચ રૂપ કરી પરમાત્માને લઇ દેવ-દેવીઓના નૃત્ય સાથે હર્ષપૂર્વક મેરુપર્વત પર આવ્યા. ૧.

મેરુપર્વત પર પાંડુકવનમાં ચારે દિશાએ શિલાઓ છે તેમાં જે દિશા સન્મુખ પ્રભુનો જન્મ થાય તે દિશામાં આવેલ શિલા ઉપર રહેલ સિંહાસન ઉપર બેસી ઇન્દ્ર મનના ઉલ્લાસથી પ્રભુને ખોળામાં ધારણ કરે છે તે વખતે બીજા ત્રેસઠ ઇંદ્રો પણ ત્યાં આવી પહોંચે છે. ૧.

## ત્રોટક

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળતીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના;
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે,
ખીરજલધિ ગંગાનીર લાવો, (ઝટિતિ જિન જન્મ મહોત્સવે.) ૧. (2)
ANNOUNCEMENT

ત્યાં આગળ ચોસઠ ઇંદ્રો ભેગા થયા. આઠ જાતિના કળશો કરાવી માગધ આદિ તીર્થોનાં સુગંધી ઔષધિથી મિશ્રિત પાણી ભરાવ્યાં. ઘણી જાતના ધૂપ ઉવેખ્યા. ત્યારપછી અચ્યુત નામના ઇન્દ્રે હુકમ કર્યો કે- 'સર્વદેવો ! સાંભળો. જિનેશ્વરના જન્મમહોત્સવ માટે જલદીથી ક્ષીરસમુદ્ર અને ગંગા નદી વગેરેનાં પાણી લાવો. ૧.

આ શાંતિલાલના દાદા..
આ પાલનપુરીનાં દાદા..



CHANGE AS NEC

## ઢાળ

M સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા;
F પદ્મદ્રહ ગંગા આવે, નિર્મલ જળકળશા ભરાવે. ૧.
M તીરથજળ ઔષધિ લેતા, વળી ખીરસમુદ્રે જાતા;
F જળકળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળા લાવે. ૨.
M સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી;
F સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩.
M તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
F કળશાદિક સહુ તિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે. ૪

(આ શાંતિલાલનાં દાદા...)
(આ પાલનપુરીનાં દાદા..)

**ઢાળનો અર્થ** - અચ્યુતેંદ્રનો હુકમ સાંભળી તુરત જ દેવો ચાલ્યા. માગધ, વરદામ, પદ્મદ્રહ અને ગંગાનદીએ આવી નિર્મળજળથી કળશો ભરે છે. એવી રીતે તીર્થોનાં પાણી અને ઔષધિઓ લેતા લેતા ક્ષીરસમુદ્રે જઇ ત્યાં ઘણા પાણીના કળશો ભરે છે. તેમજ પુષ્પચંગેરી, થાળ, સિંહાસન, ચામર, ધૂપધાણા અને રકાબી વગેરે સિદ્ધાંતમાં

ઢાળ

આતમભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનુજાઈ,
નારીપ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મસખાઈ;
જોઈસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. ૧.

અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઈન્દ્ર તણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. ૨

---

કહેલ સુંદર ઉપકરણો એકત્ર કરી મેરુપર્વત પર આવે છે અને પ્રભુના દર્શન કરી આનંદ પામે છે. પોતાની સાથે લાવેલ કળશ વગેરે ત્યાં સ્થાપન કરી ભક્તિપૂર્વક પ્રભુના ગુણગાન કરે છે. ૧. થી ૪

**ઢાળનો અર્થ** - કેટલાક દેવો પોતાની ભક્તિથી, કેટલાક મિત્રોને અનુસરી, કેટલાક સ્ત્રીની પ્રેરણાથી, કેટલાક પોતાનો કુલધર્મ વિચારી, કેટલાક ધર્મીદેવો ધર્મની મિત્રાતાથી જિનેશ્વરના સ્નાત્રમહોત્સવમાં આવે છે. જિનેશ્વરના જન્મમહોત્સવમાં જ્યોતિષી દેવો, વ્યંતરદેવો, ભવનપતિદેવો અને વૈમાનિકદેવો આવે છે અને અચ્યુતેંદ્રના હુકમથી જળથી ભરેલા કલશો લઇ અરિહંત પરમાત્માને નવરાવે છે. ૧.

તે કળશો સોનાના, રૂપાના, માણેકના, એમ આઠ પ્રકારના

ચન્દ્રની પંક્તિ છાસઠ છાસઠ. રવિશ્રેણિ નરલોકો,
ગુરુસ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો;
સોહમપતિ ઈશાનપતિની, ઈન્દ્રાણીના સોળ,
અસુરની દશ ઈન્દ્રાણી, નાગની બાર કરે કલ્લોલ. ૩

જ્યોતિષ વ્યંતર ઈન્દ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો;
પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો,
ઈશાન ઈન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. ૪

---

હોય છે અને દરેક પ્રકારના આઠ આઠ હજાર હોય છે એટલે કુલ ૬૪૦૦૦ કળશાઓ હોય અને તેને અઢીસો અભિષેકની સંખ્યા વડે ગુણવાથી એક કરોડ સાઠ લાખ કળશો વડે પરમાત્માને અભિષેક થાય છે.

હવે અઢીસો અભિષેક કેવી રીતે થાય ? તે કહે છે. બાસઠ ઇંદ્રના ૬૨, ચાર લોકપાલના ૪, મનુષ્ય લોકના ચંદ્રની છાસઠ પંક્તિના ૬૬, સૂર્યની છાસઠ પંક્તિના ૬૬, ગુરુસ્થાનકદેવોનો ૧., સામાનિકદેવોનો ૧. સોધર્મેન્દ્ર અને ઇશાનેંદ્રની ઇંદ્રાણીના ૮+૮ મળીને ૧૬, અસુરેંદ્રની ઇંદ્રાણીના ૧૦, નાગેંદ્રની ઈન્દ્રાણીના ૧૨, જ્યોતિષી ઈન્દ્રની ચાર અગ્રમહિષીના ૪, વ્યંતરેંદ્રની ચાર ઇન્દ્રાણીઓના ૪, ત્રણપર્ષદાનો ૧. કટકપતિનો ૧. અંગરક્ષક દેવોનો ૧. અને પરચુરણ દેવોનો ૧. આ પ્રમાણે અઢીસો અભિષેક થાય છે. ત્યાર પછી ઇશાનેંદ્ર સૌધર્મેન્દ્રને કહે છે કે હે સૌધર્મેન્દ્ર! થોડીવાર પ્રભુને મારા ખોળામાં બેસાડવા મને આપો. ૨-૩-૪.

તવ તસ ખોળે ઢવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભ રૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે;
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે,
મંગળદીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે. ૫.

ભેરી ભુંગળ તાલ બજાવત, વળિયા જિન કર ધારી,
જનનીઘર માતાને સોંપી, એણીપરે વચન ઉચ્ચારી;
'પુત્ર તુમારો, સ્વામી હમારો, અમ સેવક આધાર;
પંચ ધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર. ૬.

બત્રીસ કોડી કનક મણિ માણેક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે;

---

તે પ્રમાણે ઈશાનેંદ્રની માગણીથી સૌધર્મેન્દ્ર તેના ખોળામાં પ્રભુને બેસાડી પોતે વૃષભનું રૂપ કરી, શિંગડામાં જળ ભરી તે વડે પ્રભુને અંગે ન્હવણ કરે છે. પછી કેશર વગેરે પૂજા કરી, પુષ્પો ચડાવી, આરતી-મંગળદીવો ઉતારે છે, તે વખતે દેવો જયજય શબ્દ બોલે છે.૫.

ત્યારપછી ભગવંતને હાથમાં ધારણ કરી, ભેરી ભુંગળ વગેરે વાજિંત્ર વગાડતા, તાલી પાડતા વાજતે ગાજતે માતા પાસે ઘરે આવી માતાને પ્રભુ સોંપી આ પ્રમાણે વચન કહે છે, ' આ તમારો પુત્ર છે, અમારા સ્વામી છે. અમે તેમના સેવકો છીએ, આ પ્રભુ અમારા આધાર છે. એમ કહી પ્રભુને રમાડવા માટે રંભા વગેરે પાંચ ધાવમાતા મૂકે છે. ૬.

તિર્યક્જાંભક દેવો પરમાત્માના ઘરમાં બત્રીશ ક્રોડ સોનૈયા મણિ, માણેક અને વસ્ત્ર વગેરેની વૃષ્ટિ કરે છે, દેવતાઓ પોતાનો હર્ષ પૂર્ણ કરવા નંદીશ્વરદ્વીપે જાય છે. ત્યાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરી પોત-

કરીય અટ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે. ૭.

તપગચ્છ-ઈસર સિંહસૂરીસર, કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા;
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા,
પંડિત વીરવિજય શિષ્યે, જિન જન્મ મહોત્સવ ગાયા. ૮.

પોતાના દેવલોકમાં જાય છે. દીક્ષા કલ્યાણક અને કેવલજ્ઞાન કલ્યાણકની અભિલાષાપૂર્વક હંમેશાં જિનેશ્વરના ગુણ ગાય છે ૭.

તપગચ્છમાં મહાન્ આચાર્ય શ્રી સિંહસૂરીશ્વરના મોટા શિષ્ય શ્રી સત્યવિજયજી પંન્યાસ થયા, તેમના શિષ્ય ગંભીર આશયવાળા કપૂરવિજયજી થયા, તેમના શિષ્ય ખીમાવિજયજી, તેમના શિષ્ય જશવિજય અને તેમના શિષ્ય શુભવિજયજી થયા. તેમના શિષ્ય પંડિત શ્રી વીરવિજયજી મહારાજ કહે છે, કે- મેં આ શ્રી જિનેશ્વરનો જન્મ-મહોત્સવ ગાયો. ૮.

ઉત્કૃષ્ટ કાળે એકી સાથે ૧૭૦ તીર્થંકરો વિચરતા હોય છે (અજિતનાથસ્વામીના વારે વિચરતા હતા), વર્ત્તમાન કાળે વીશ તીર્થંકરો (મહાવિદેહમાં) વિચરી રહ્યા છે. ભૂતકાળમાં અનંત તીર્થંકરો થઇ ગયા, ભવિષ્યકાળમાં અનંત તીર્થંકરો થશે. સામાર્ન્યપણે આ કળશ જે ગાય છે તે અને કર્ત્તા શ્રી વીરવિજયજી મહારાજ આનંદમંગળયુક્ત ઘણું સુખ પામે છે. અને દરેક ઘરે હર્ષનાં વધામણાં થાય છે. ૯.

ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાલે અનંતા, તીર્થંકર જગદીશ;

સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ,
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ.

(પ્રભુને વધાવવા.)

**(સ્નાત્ર પૂજા સમાપ્ત)**

(અહીં કળશથી પંચામૃતનો અભિષેક કરી પખાલ કરવો. પછી પૂજા કરી, પુષ્પ ચઢાવી, ક્રમશઃ અષ્ટપ્રકારી પૂજા કરવી લૂણ ઉતારી આરતી તથા મંગળદીવો ઉતારવો.)